રાજ્યમાં ૧૧૪ જનરલ ઓબ્ઝર્વર્સ, ૩૬ પોલીસ ઓબ્ઝર્વર્સ અને ૬૯ ખર્ચ ઓબ્ઝર્વર્સ

અત્યાર સુધીમાં આચારસંહિતાના ભંગની એકપણ ગંભીર ફરિયાદ નથી આવી : રૂ.૭,૧૮૮ લાખની જપ્તી : ૬૧૧ ફ્લાઈંગ સ્કોડ અને ૮૦૨ સ્ટેટીક સરવે ટીમ કાર્યરત : સરકારી ઈમારતો પરથી ૨,૨૮,૯૧૧ અને ખાનગી મિલકતો પરથી ૪૪,૨૩૩ પોસ્ટર્સ, બેનર્સ દૂર કરાયા

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ ના બન્ને તબક્કાના મતદાન માટેની ચૂંટણી પ્રક્રિયા નિશ્ચિત શિડ્યુલ પ્રમાણે ચાલી રહી છે. બન્ને તબક્કા માટે ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા

હાલમાં ચાલુ છે. તમામ જિલ્લાઓમાં ચૂંટણી તંત્ર દ્વારા આ કામગીરી આયોજનબદ્ધ રીતે ચાલી રહી છે. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ આજે ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આદર્શ આચારસંહિતાનું ચુસ્ત પાલન થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં આચારસંહિતાના ભંગની એક પણ ગંભીર ફરિયાદ આવી નથી. એટલું જ નહીં, ૬-ફ્રેન્ડ મોબાઈલ એપ જેવા સરળ અને હાથવગા માધ્યમો હોવાથી સામાન્ય નાગરિકોમાં પણ આદર્શ આચાર સંહિતાના પાલન પ્રત્યે સારી સજાગતા જોવા મળી છે. મતદાન જાગૃતિ માટેના અમારા પ્રયત્નોને પણ સમાજના તમામ વર્ગોમાંથી પ્રોત્સાહક પ્રતિભાવ મળી રહ્યો છે. તમામ જિલ્લાઓમાં ચૂંટણી તંત્ર પ્રશંસનીય કામગીરી કરી રહ્યું છે. આ પત્રકાર પરિષદમાં ગુજરાત પોલીસના એ.ડી.જી. (કાયદો અને વ્યવસ્થા) તથા સ્ટેટ પોલીસ નોડલ ઑફિસર શ્રી નરસિમ્હા કોમર, અધિક મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી કુલદીપ આર્ય, સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી અશોક પટેલ તથા સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી અજય ભટ્ટ અને માહિતી નિયામક શ્રી આર.કે.મહેતા ઉપસ્થિત રહ્યા હતા. ૮૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગજનો અને કોવિડ-૧૯ પ્રભાવિત કે શંકાસ્પદ કક્ષામાં સમાવિષ્ઠ મતદારો પણ પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શ્રીમતી પી.ભારતીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગજનો મળીને ૧૨,૨૬,૯૧૧ મતદારો નોંધાયા છે. દરેક જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા સંભાળી રહેલાં કર્મચારીઓ આવા મતદારોની રૂબરૂ મુલાકાત લઈ રહ્યાં છે. અત્યારસુધીમાં ૭,૭૭,૬૦૪ મતદારોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી છે. જે મતદારો મતદાન મથક સુધી જઈ શકે તેમ નથી તેવા મતદારો ફોર્મ ૧૨-ડી ભરી રહ્યાં છે. અત્યારસુધીમાં આવા ૪,૯૩,૩૧૦ મતદારોને ફોર્મ-૧૨ ડી આપવામાં આવ્યું છે. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીના સુચારૂ સંચાલન અને દેખરેખ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા જનરલ ઓબ્ઝર્વર્સ અને પોલીસ ઓબ્ઝર્વર્સની નિમણૂક કરવામાં આવી છે. ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં થાય એટલુ જ નહિં, ઉમેદવારોના ખર્ચ પર દેખરેખ રાખવા માટે પણ ખર્ચ ઓબ્ઝર્વર્સની નિમણૂક કરવામાં આવી છે. પ્રથમ તબક્કાનું મતદાન જ્યાં થવાનું છે તે વિસ્તારો માટે ૫૮ જનરલ ઓબ્ઝર્વર્સ, ૨૧ પોલીસ ઓબ્ઝર્વર્સ અને ૩૬ ખર્ચ ઓબ્ઝર્વર્સની નિમણૂક કરવામા આવી છે જ્યારે બીજા તબક્કામાં જ્યાં મતદાન થવાનું છે તે વિસ્તારો માટે ૫૬ જનરલ ઓબ્ઝર્વર્સ, ૧૫ પોલીસ ઓબ્ઝર્વર્સ અને ૩૩ ખર્ચ ઓબ્ઝર્વર્સની નિમણૂક કરવામાં આવી છે. ગુજરાતમાં અત્યારે ૧૧૪ જનરલ ઓબ્ઝર્વર્સ, ૩૬ પોલીસ ઓબ્ઝર્વર્સ અને ૬૯ ખર્ચ ઓબ્ઝર્વર્સ ફરજ બજાવી રહ્યા છે. ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા રાજ્યમાં હાલમાં ૬૧૧ ફ્લાઈંગ સ્કૉડ અને ૮૦૨ સ્ટેટીક સર્વેલન્સ ટીમો કાર્યરત છે. અત્યાર સુધીમાં રૂ.૭,૧૮૮ લાખની કુલ જપ્તી કરવામાં આવી છે, જેમાં રૂ.૬૬ લાખની રોકડ, રૂ.૩૮૫ લાખની કિંમતનો દારૂ, રૂ.૯૪ લાખનું ડ્રગ્સ અને રૂ.૧૮૭ લાખની કિંમતનું સોનું જપ્ત કરવામાં આવ્યું છે. જ્યારે રૂ.૬,૪૫૬ લાખની કિંમતની અન્ય ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. જેમાં ચાઈનીઝ રમકડાં, મોટરકાર, મોટરસાયકલ, મોબાઈલ ફોન વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં જ રાજ્યમાં આદર્શ આચારસંહિતાનો ચુસ્ત અમલ થઈ રહ્યો છે.

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. સંવેદનાત્મક પહેલ

ચૂંટણી પ્રક્રિયાનાં પાયાના કર્મયોગીઓ-બી. એલ. ઓ. ના જન્મદિને સી.ઈ.ઓ.નો શુભેચ્છાપત્ર

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયાની ગતિ તેજ બની છે. હાલમાં ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા કર્મચારીઓ-અધિકારીઓ દિવસ-રાત જોયા વિના પોતાની ફરજ બજાવી રહ્યાં છે. જેમાં 'ફૂટ સોલ્જર ઑફ ઈલેકશન' તરીકે ઓળખાતા બી.એલ.ઓ. એટલે કે બુથ લેવલ ઑફિસરની ભૂમિકા ખૂબ મહત્વની છે.

બી.એલ.ઓ.ને પ્રોત્સાહિત કરવા તથા પારિવારિક સભ્ય તરીકે હૂંફ આપવા ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ સંવેદનાત્મક પહેલ કરી છે.

શ્રીમતી પી. ભારતી જે બી.એલ.ઓ.નો જન્મદિવસ જે મહિનામાં આવતો હોય તેમને પોતાના હસ્તાક્ષર સાથેનો શુભેચ્છાપત્ર પાઠવી રહ્યા છે અને તેમની ફરજોને બિરદાવી રહ્યા છે.

આ પહેલ અંતર્ગત ગત બે મહિનાથી ચૂંટણી પ્રક્રિયામાં સામેલ બી.એલ.ઓ.ને શ્રીમતી પી. ભારતીએ તેમના જન્મદિવસે ખાસ શુભકામના પાઠવતા પત્ર મોકલ્યા છે.

ઓક્ટોબર અને નવેમ્બર મળીને કુલ ૫૩૨ બી.એલ.ઓ.ને જન્મદિવસની શુભકામના પાઠવતા વ્યક્તિગત પત્ર મોકલવામાં આવ્યા છે. શ્રીમતી પી. ભારતી ચૂંટણી પ્રક્રિયામાં બી.એલ.ઓ.ની અપ્રતિમ ભૂમિકાની સરાહના કરવાની સાથે આ પત્રના માધ્યમથી તેમના ઉત્તમ સ્વાસ્થ્ય તથા દીર્ઘાયુ માટે પણ શુભકામના પાઠવી રહ્યા છે.

ટીપી-૯માં "અર્ધનારેશ્વરની" ૧૨૧૬ ફૂટની રંગોળીએ આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા. ૧૧

હિન્દુઓના તહેવાર પુનમને દેવ દિવાળીએ ટીપી-૯ના સરગાસણમાં આવેલી શિક્ષાપત્રી સ્કાય કોર્ટ સોસાયટીમા "અર્ધનારેશ્વર દેવ મહાદેવની" ૧૨ ૧૬ ફૂટની એક ભવ્ય અને નયનરમ્ય રંગોળીએ જબરદસ્ત આકર્ષણ ઉભું કર્યું છે.

સરગાસણની સાયોના હાઈટસમાં રહેતા અને વ્યવસાયે ફાર્માસિસ્ટ શિવભદ્રસિંહ જાડેજા દ્વારા આ રંગોળી બનાવવામા આવેલી છે. નાનપણથી જ કલા પ્રત્યે અનહદ લગાવ ધરાવતા આ કલાપ્રેમીએ રંગોળી બનાવવામાં ૫૦ કિલોથી વધુ વિવિધ રંગોનો ઉપયોગ કરી પંદર દિવસ સુધી આ અદભૂત કલાકૃતિને આકાર આપવામાં પરિશ્રમ કર્યો હતો.

હાલ શિક્ષાપત્રી સ્કાય કોર્ટ સોસાયટીમાં આ મહાદેવની રંગોળીને નિહાળવા અને દર્શન કરવા સ્થાનિકો મોટી સંખ્યામાં આવી રહ્યા છે.

કલાના કદરદાનો દ્વારા કલાપ્રેમીની આ કલાને કુદરતની મહેરબાની ગણાવી પુરસ્કૃત કરી રહ્યા છે.

સરગાસણ વિસ્તારમાં ઈ-સ્ટેમ્પિંગ પર ગેરકાયદેસર રીતે એક્સ્ટ્રા ચાર્જ વસુલાતો હોવાની રાવ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં સ્ટેમ્પ વેન્ડર્સ દ્વારા ઈ-સ્ટેમ્પિંગ કરવા પર ગ્રાહકો પાસેથી નિયત રકમ કરતાં ગેરકાયદેસર રીતે એક્સ્ટ્રા ચાર્જ વસુલવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. વિકાસની રાહે આગળ વધી રહેલાં આ વિસ્તારમાં મોટી સંખ્યામાં ઈસ્યુ થઈ રહેલી બેક લોન કે બેંકમાં લોકર જેવી સુવિધાઓ માટે કરવાના કરાર માટે જરૂરી ઈ-સ્ટેમ્પમાં ગ્રાહકો પાસેથી સ્ટેમ્પ વેન્ડર્સ વધુ નાણાં ખંખેરી રહ્યાં છે.

સરકાર દ્વારા અગત્યના દસ્તાવેજો કરવામાં નાગરિકોને તકલીફ ન પડે તે હેતુથી સંચાલિત ઈ-સ્ટેમ્પિંગ જેવી સુવિધા શરૂ કરવામાં આવી છે અને આ વ્યવસ્થાનો લાભ મોટી સંખ્યામાં નાગરીકો લઈ રહ્યાં છે. ગાંધીનગરનો સતત વિકસી રહેલા સરગાસણ વિસ્તારમાં અનેક રહેણાંક કે કોમર્શિયલ પ્રોપર્ટીઝ વિકાસ પામી રહી છે જેને ખરીદ વેચાણના દસ્તાવેજોમાં ઈ-સ્ટેમ્પિંગની જરૂર પડે છે. આ સાથે જ આ વિસ્તારમાં રહેવા આવતા અસંખ્ય નવા પરિવારોને હોમ લોન ઉપરાંત બેંકમાં લોકર સુવિધાની પણ જરૂરીયાત રહેતી હોવાથી તેની માંગ પણ વધી રહી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈન અનુસાર બેંકની હોમ લોન હોય કે લોકરની સુવિધા હોય બન્નેમાં કરારની જરૂરિયાત રહે છે જે માટે હવે ઈ-સ્ટેમ્પીંગનું ચલણ વધ્યું છે. આ કારણે નાગરિકો તેમના કરારનું ઈ-સ્ટેમ્પિંગ કરાવવા માટે સરગાસણ વિસ્તારમાં આવેલા એક કોમર્શિયલ કોમ્પ્લેક્સ જેમાં ૫૬ ભોગ અને રાધે થાળ જેવી પ્રતિષ્ઠિત રેસ્ટોરન્ટ આવેલી છે તેમાં સ્થિત એક સ્ટેમ્પ વેન્ડરને ત્યાં જતાં હોય છે જ્યાં સ્ટેમ્પ વેન્ડર દ્વારા પ્રત્યેક ઈ-સ્ટેમ્પિંગ પર નિયત રકમ કરતાં અન્ય ખર્ચ કે સેવાના નામે રૂ.૨૦થી રૂ.૫૦ સુધીનો વધારાનો ચાર્જ વસુલવામાં આવે છે. એક ગ્રાહક માટે આ ચાર્જ નજીવો હોવાથી સમયના અભાવે તે કચવાતે મને ચાર્જ ચુકવી દે છે પરંતુ દિવસ દરમ્યાન અહીં મોટી સંખ્યામાં ગ્રાહકો ધિરાણ કરાર, સંમતિપત્રક અથવા વિવિધ એફિડેવિટ્સ માટે ઈ-સ્ટેમ્પિંગ કરાવવા આવતાં હોવાથી ગેરકાયદેસર રીતે ઉઘરાવાતાં ચાર્જની કુલ રકમ સારી એવી થઈ જાય છે. આ વેન્ડર્સ દ્વારા દરેક ઈ-સ્ટેમ્પિંગ પર સરકાર દ્વારા નિયત કમિશન ચુકવાતું હોવા છતાં આ રીતે ઉઘરાવાતી રકમથી ગ્રાહકોનો આર્થિક બોજ વધી રહ્યો છે જેથી સત્વરે આ અંગે તંત્ર દ્વારા તપાસ કરીને યોગ્ય પગલાં લેવામાં આવે તેવી માંગ આ વિસ્તારના નાગરિકોમાં ઉઠવા પામી છે.

ગાંધીનગરની બંને બેઠકના ઉમેદવારોનો મુદ્દો "ટોક ઓફ ધ ટાઉન" બન્યો.....!!

શહેરમાં ફલાણાંનું નામ ફાઇનલ છે ને ઢીંકણાંને ફોન આવી ગયો જેવા પડીકાં ફરતાં થયાં : એક તરફ અફવા બજાર ગરમ રહેતાં કાર્યકરો પણ અવઢવમાં મુકાયાં

ગાંધીનગર, તા. ૧૧

ભાજપે ગઈકાલે ૧૬૦ ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી દીધી છે જ્યારે ૨૨ બેઠકો એવી બાકી છે જેના ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા નથી. આ બેઠકો પૈકી ગાંધીનગર ઉત્તર અને ગાંધીનગર દક્ષિણ બેઠકનું કોકડું ગુંચવાયેલું જણાય છે. કોંગ્રેસ દ્વારા પણ ગાંધીનગર દક્ષિણ બેઠકના ઉમેદવાર તરીકે હિમાંશુ પટેલને તો જાહેર કરવામાં આવ્યાં છે પરંતુ હજુ સુધી ગાંધીનગર ઉત્તર બેઠકના ઉમેદવાર અંગે સસ્પેન્સ રખાયું છે. બે દિવસથી પાટનગરમાં ભારે અટકળો અને અફવાઓ ચાલી રહી છે અને આ મુદ્દો "ટોક ઓફ ધ ટાઉન" બની ચુક્યો છે. શહેરમાં ફલાણાંનું નામ ફાઇનલ છે ને ઢીંકણાંને ફોન આવી ગયો જેવા પડીકાં ફરતાં થઇ ગયાં છે જેના પગલે બંને પક્ષના કાર્યકરો પણ ભારે અવઢવમાં જોવા મળી રહ્યાં છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પૈકી માત્ર એક દહેગામ બેઠક પર જ ઉમેદવાર બલરાજસિંહ ચૌહાણનું નામ જાહેર કરવામાં આવ્યું છે જ્યારે બાકીની કલોલ અને માણસા સાથે ગાંધીનગર ઉત્તર અને દક્ષિણ બેઠક માટે જાહેરાત કરવામાં સમય લેવાઇ રહ્યો છે. ભાજપ દ્વારા ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પૈકી એક બેઠક પર મહિલા ઉમેદવારને ટિકિટ આપે તેવી શકયતા છે જેને અનુલક્ષીને ક્ષત્રિય, ઓબીસી અને પાટીદાર સમીકરણમાં ગાંધીનગરના પૂર્વ મહિલા મેયર રીટાબેન પટેલનું નામ સૌથી મજબૂત દાવેદાર તરીકે ચર્ચાઇ રહ્યું છે જેમાં પાટીદાર અને મહિલા ઉમેદવાર એવા બંને પરિબળોનો સમાવેશ થઇ જાય છે જ્યારે દક્ષિણ બેઠક પર અલ્પેશ ઠાકોરને ટિકીટ અપાય તો ઓબીસી પરિબળ સચવાય અને દહેગામ બેઠક પરથી ઓલરેડી ક્ષત્રિય ઉમેદવાર જાહેર થઇ ચુક્યાં જ છે. જોકે ગાંધીનગર ઉત્તર બેઠક માટે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, પાટનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલના મોટા ભાઇ તેમજ ઉદ્યોગપતિ અંબુસિંહ ગોલ, પૂર્વ ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ઉર્ફે જીગા બાપુ સહિતના ક્ષત્રિય દાવેદારો સાથે ઓબીસી દાવેદાર તરીકે પૂર્વ ડેપ્યુટી મેયર નાઝાભાઇ ઘાંઘર અને હેમરાજ પાડલિયા સહિત હાલના ભાજપ શહેર પ્રમુખ બ્રહ્મઅગ્રણી રૂચિરભાઇ ભટ્ટના નામો પણ રેસમાં છે. બીજી તરફ ગાંધીનગર દક્ષિણ બેઠક ઉપર અલ્પેશ ઠાકોરનું સંભવિત નામ સંભળાઈ રહ્યું છે પરંતુ તે સાથે એસ.પી.ઠાકોર અને આઇ.બી. વાઘેલા જેવા ઓબીસી નામો પણ દાવેદારી કરી રહ્યાં છે. ગઇકાલે અલ્પેશ ઠાકોરનું નામ ફાઇનલ થઇ ગયું હોવાની અફવાએ જોર પકડ્યું હતું તે સાથે જ ગાંધીનગરમાં પોસ્ટર વોર શરૂ થઈ ગયું હતું જેમાં અલ્પેશ ઠાકોરને ભાવિ મુખ્યમંત્રી તરીકે સંબોધીને કટાક્ષ સાથે તેમના જેવા આયાતી ઉમેદવારની અહીં કોઈ જરૂર નથી તેવા તર્ક સાથે અલ્પેશને લીલાતોરણે ઘેર જવાની તૈયારી રાખજો તેવી ચીમકી આપતાં બેનરો પણ લાગ્યા હતાં અને સ્થાનિકો દ્વારા મોવડી મંડળ સુધી અલ્પેશ ઠાકોર સામે વિરોધનો સૂર હોવાનો સંદેશ આપવા પ્રયાસ કરાયો છે. ગાંધીનગર ઉત્તરમાં સિટિંગ ધારાસભ્ય કોંગ્રેસના ડો. સી. જે. ચાવડા છે જેઓ આ વખતે વિજાપુર બેઠક પરથી ચુંટણી લડવાના છે જ્યારે તેમના સ્થાને કોંગ્રેસ દ્વારા અગાઉ વિરેન્દ્રસિંહ વાઘેલા ઉર્ફે અજિતસિંહ વાસણની ટિકિટ નક્કી કરવામાં આવી દીધી હતી તેવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું અને અજિતસિંહે તેમના ક્ષત્રિય સમાજની બેઠકો સુદ્ધાં શરૂ કરી દીધી હતી. જોકે આ બેઠક પર કોંગ્રેસના સિનિયર નેતા અને અગાઉ છેલ્લી ઘડીએ કપાયેલા નિશિત વ્યાસે પણ આ વખતે મજબૂત દાવેદારી નોંધાવી છે જ્યારે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા તાજેતરમાં જ કોંગ્રેસમાં જોડાઈ જતાં ગાંધીનગર ઉત્તરની બેઠક પર તેમનું નામ ફાઈનલ થઈ ગયું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે શંકરસિંહ વાઘેલા પણ કોંગ્રેસમાં જોડાઈ રહ્યાં છે અને તેમને માણસાના સિટિંગ ધારાસભ્ય સુરેશ પટેલે નાદુરસ્ત તબિયતને કારણે ચુંટણી લડવાની ના પાડી દેતાં માણસા બેઠક ફાળવવામાં આવશે તેવી ચર્ચા પણ ચાલી રહી છે અમે જો તેમ થાય તો ગાંધીનગર ઉત્તર પર કોંગ્રેસ દ્વારા મહેન્દ્રસિંહ વાઘેલાને બદલે કોઈ અન્ય વિકલ્પ અપનાવાશે તેવું માનવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આમ આદમી પાર્ટીએ ગાંધીનગર ઉત્તર બેઠક પર મુકેશ પટેલ અને દક્ષિણ બેઠક પર દોલત પટેલના નામો જાહેર કર્યા છે. જોકે આ બધી ધમાલમાં બંને પક્ષના નિષ્ઠાવાન કાર્યકરો મનોમન મુંઝવણમાં મુકાયેલાં છે અને ક્યારે ઉમેદવારોના નામ જાહેર થશે અને ક્યારે પ્રચાર કાર્ય શરૂ થશે તેની અવઢવમાં છે.

શિયાળો આવ્યો ડુંગળીયું ને તુવેર ટોઠા લાવ્યો

તુવેરના ટોઠા, હળદરિયું, ડુંગળીયું, રગડીયું સાથે બાજરીના રોટલા ખાવાનો અસલી આંનદ તો શિયાળાની ઠંડીમાં જ આવે છે

ગાંધીનગર, તા. ૧૧

શિયાળાની આગવી વિશેષતા તેની ઠંડી છે તો સાથે બીજી એક વિશેષતા છે શિયાળુ વાનગીઓ. જાત જાતની વાનગીઓ અત્યારે શિયાળામાં ખાવા મળે છે. જેમાં ગરમાગરમ ડુંગળીયું, હળદરિયું, રગડિયું, તુવેર ટોઠાની વાત જ કંઈક અલગ છે. આ ગરમા ગરમ શાકને બાજરીના રોટલા સાથે ખાવાની મજા તેનો આનંદ અલગ જ રહ્યો છે. ત્યારે શિયાળાની મોસમમાં શહેરમાં શિયાળુ વાનગીઓનું વેચાણ પણ શરૂ થઈ ચુક્યુ છે. જેમાં ગાંધીનગર-માણસા રોડ પર ઘૂંઘટ હોટલની પાસે 'હરી ઓમ' ખાતે લાઈવ બાજરીનો રોટલો, ડુંગળીયું, રગડીયું, તુવેર ટોઠા, હળદરિયું બનાવવામાં આવી રહ્યું છે. દર વર્ષે લોકો અહીંયા ફેમિલી સાથે શિયાળાની ઠંડીમાં ગરમાગરમ બાજરીના રોટલા અને શાકની મજા માણે છે. 'હરિ ઓમ' ખાતે દર શિયાળામાં બે મહિના માટે આ સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવામાં આવે છે. અને મોટા પ્રમાણમાં સ્વાદ રસિકો દ્વારા સ્વાદિષ્ટ ભોજન માણવામાં આવે છે. ડુંગળીયાનો એક કિલોનો ભાવ ૮૦૦ રૂ., હળદરિયાનો એક કિલોનો ભાવ ૧૦૦૦ રૂ., રગડિયાનો એક કિલોનો ભાવ ૭૦૦ રૂ. તથા તુવેરના ટોઠાનો એક કિલોનો ભાવ ૪૦૦ રૂ. છે. સાથે જ છાશ, ઘી, અને કચુંબર ખાવાની મજા આવે છે. રગડિયામાં ભીંડા અને કારેલા સિવાય તમામ શાકને બાફીને રગડો કરીને ઘી માં વઘારવામાં આવે છે. જેનો સ્વાદ અતિપ્રિય લાગે છે. ડુંગળીયામાં ડુંગળીના શાકમાં ગ્રેવી ટાઈપ બનાવીને ઉપર સેવનું મિશ્રણ કરવામાં આવે છે. તથા અન્ય મસાલા મિક્સ કરાય છે. હળદરિયામાં લીલી હળદરનું શાક બનાવવામાં આવે છે. તુવેરના ટોઠા શિયાળામાં વધુ ખવાય છે. સમૂહ ભોજનમાં આ તમામ વાનગીઓની ડિમાન્ડ શિયાળામાં જોવા મળે છે. શિયાળામાં આપણી લાઈફસ્ટાઈલ એટલે કે જમવામાં થોડોક જો બદલાવ લાવીએ તો કદાચ બાર મહિના શરીર હેલ્ધી રહે છે. રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. ઋતુ બદલાય તો શરીર નરવુ રહે છે. એટલે કે ગમે તેવી પરિસ્થિતિ સામે તમે લડી શકો છો. શિયાળામાં લીલી શાકભાજી સરસ અને તાજી મળે છે તેથી શિયાળામાં નવા નવા શાક અવશ્ય ખાવા જોઈએ.

સાયન્સ સિટી ખાતે બે દિવસ માટે ઈ-વેસ્ટ કલેક્શન ડ્રાઈવનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

તમારા ઘર કે ઓફિસમાં પડી રહેલાં બિનઉપયોગી કે કામ ન કરતા હોય તેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણોને ઈ-વેસ્ટ કહેવામાં આવે છે. ઈ-વેસ્ટના પરિણામે કુદરતી સંસાધનોનો બગાડ થાય છે. ઈ-વેસ્ટ અને તેના યોગ્ય નિકાલ અંગે જાગૃતિ લાવવા માટે ગુજરાત સાયન્સ સિટી ખાતે પ્લેનેટ એન્ડ ટેકનોગ્રીન દ્વારા સહયોગમાં ઈ-વેસ્ટ કલેક્શન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈના ઘરે ઈ-વેસ્ટ હોય તે સાયન્સ સિટીના વિજ્ઞાન ભવનમાં આવીને આપી કરી શકે છે. તા.૧૧ અને ૧૨ નવેમ્બર દરમ્યાન સાયન્સ સિટી ખાતે ઈ-વેસ્ટ જમા કરાવી "પર્યાવારણ રક્ષક" બની શકે છે. ટેકનોલોજીમાં પ્રગતિ સાથે, મોટી સંખ્યામાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ વધ્યો છે

અને તેને લીધે જ ઈ-વેસ્ટમા પણ વધારો થયો છે. ભારે કમ્પ્યુટર્સ, લેપટોપ, ટીવી સેટ, ફેક્સ મશીન,પ્રિન્ટર અને મિક્સર-ગ્રાઈન્ડર, આયર્ન, ગીઝર જેવી સામગ્રીમાં ઈ-વેસ્ટમા યાદીમાં ટોચ પર છે. આ ઉપકરણોમાં કે બેરિલિયમ, કેડમિયમ, પારો અને લીડ વગેરે જેવા હાનિકારક પદાર્થો હોય છે. જો ઈ-વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરવામાં ન આવે તો પર્યાવરણ માટે જોખમ ઊભું થાય છે. ઈ-કચરામાં હાજર ઝેરી પદાર્થો પૃથ્વી, હવા, પાણી વગેરેમાં ભળી જાય છે અને મનુષ્યો, પ્રાણીઓમાં સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બને છે. ઈ-વેસ્ટમાં તેલ અને વાયુઓ હાજર છે, જેમ કે કોમ્પ્રેસર અને સીઆરટી, પર્યાવરણીય પ્રદૂષણનું કારણ બને છે. બેટરીમાં અત્યંત જોખમી તત્વો હોય છે. ખુલ્લા વિસ્તારમાં રબર અને પ્લાસ્ટિક બાળવાથી વાયુ પ્રદૂષણ થાય છે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી સમાજમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા કટિબદ્ધ છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીનો સમાજના હિત માટે ઉપયોગ થાય અને સસ્ટેનેબલ લિવિંગને પ્રોત્સાહન મળે તે માટે સમયાંતરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જે અંતર્ગત ઈ-વેસ્ટ કલેક્શન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.